દાખલ તારીખ :– ૧૭/૦૯/૨૦૨૦

રજી. લીધા તારીખ:–૧૭/૦૯/૨૦૨૦

નિકાલ તારીખ :– ૨૧/૦૯/૨૦૨૦

**સમયગાળો :– વર્ષ માસ દિવસ**

**મે.ભચાઉના ૯ માં એડીશનલ સેસન્સ જજની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૨૮૦/૨૦૨૦**

**આંક :–**

**અરજદાર :** ૧. રમેશભાઈ નારણભાઈ ભરવાડ

ઉ.વ. : ૨૫, ધંધો: – મજુરી

૨. ધારાભાઈ ડાયા ભરવાડ

ઉ.વ. : ૨૪, ધંધો: – મજુરી

રહેવાસી : ગામ– પલાસવા, તા.રાપર,જી. કચ્છ

**વિરૂધ્ધ.**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ. શ્રી વી.કે. મઢવી**

**સામાવાળાના વિ. વ. શ્રી ડી. એસ. જાડેજા**

**બાબત :–** <u>ક્રિ. પો. કોડ ની ક.૪૩૯ મુજબ રેગ્યુલર જામીન અરજ</u>

**–: ચુકાદો :–**

(૧) આરોપીઓને આડેસર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૯૯૩૦૦૫૨૦૦૬૬૦ / ૨૦૨૦, પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઈ),૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે અટક કરી

કોર્ટમાં રજુ કરતા જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે. જેથી આરોપીએ જામીન ઉપર જામીન મુકત થવા માટે અરજી ગુજારેલી, જે જયુ. મેજી. નાઓએ નામંજુર (રદ) કરતાં, આરોપીઓએ ક્રિ. પ્રો. કો. ની કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત થવા માટે હાલની અરજી ગુજારેલી છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારો ગુન્હા બાબતે કાઈ જાણતા નથી કે પ્રોહી. મુદામાલ અરજદારો પાસેથી કબજે કરવામાં આવેલો નથી. અરજદારો આરોપી નિર્દોષ છે અને આરોપીઓની ખોટી રીતે આ કામે સંડોવણી કરવામાં આવેલ છે. ફરીયાદ ખોટી અને ઉપજાવી કાઢેલ છે. આરોપીઓ કયાંય નાશી કે ભાગી જાય તેમ નથી તથા તેઓ પોતાના પરીવારનુ ગુજરાન ચલાવે છે તથા આરોપીઓ ટ્રાયલ સમયે હાજર મળી આવે તેમ છે. જેથી શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા હાલની અરજી ગુજારેલી છે.

(૨) આ કામે આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખીક દલીલો સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કામે મુદામાલ કબજે કરેલાનુ પોલીસે જણાવેલ છે તે મુદામાલ અરજદારો પાસેથી કબજે કરવામાં આવેલ નથી, પોલીસે ખોટી રીતે આરોપીઓની ધરપકડ કરેલી છે. આરોપીઓ ગરીબ છે અને તેઓના શીરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. આરોપીઓ ટ્રાયલ સમયે હાજર મળી આવે તેમ છે. તેવા સંજોગોમાં શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા દલીલ કરેલી છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આરોપીઓ સામેનો આ એક ગંભીર ગુનો છે અને પોલીસ સ્થળ ઉપર ગયેલી ત્યારે આરોપીઓની સંડોવણીની હકીકત તપાસ દરમ્યાન હકીકત ખુલેલી છે. આવા સંજોગોમાં ગુનાની તપાસ ચાલુ હોવાથી આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર (રદ) કરવા વિનંતી કરેલી છે.

(૪) આ કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ ધ્યાને લીધું તેમજ પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લીધી.

(૫) આ કામે એફ.આઈ.આર. તથા પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લેવામાં આવે તો, પોલીસને આરોપીઓના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટેની કાયદેસરની વ્યાજબી પુરતી તક અને સમય મળેલો છે. હાલના કેસની તપાસ આરોપીઓ પુરતી પુરી થઈ ગયેલી હોય તેવુ તપાસના કાગળો જોતાં જણાય છે. આરોપી સામે ભુતકાળમાં આ જ પ્રકારના ગુના નોંધાયેલ નહી હોવાનું ત.ક.અ.શ્રીએ સોગંદનામામાં જણાવેલ છે તેમજ અન્ય કોઈ ગુનામા સજા થયેલી હોય તેવુ જાહેર થતુ નથી. તેવા સંજોગોમા જો આરોપીઓને કડક શરતોને આધીન જામીન ઉપર જામીન મુકત કરવામાં આવે અને આરોપીઓને પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવાની ચોકકસ સમય માટે ફરજ પાડવામાં આવે તો તેમાં ન્યાયની ગરીમા જળવાતી હોય તેવું સંજોગો જોતાં જણાય છે. આવા સંજોગોમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છું :

**:: હુકમ ::**

આથી ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૯ મુજબ આરોપીઓની રેગ્યુલર જામીન અરજી શરતોને આધીન મંજુર કરવામાં આવે છે.

આરોપીઓએ રૂ.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા નીચેની કોર્ટમાં આપ્યેથી આરોપીને આડેસર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૯૯૩૦૦૫૨૦૦ ૬૬૦/૨૦૨૦, પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઈ),૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે શરતો ને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧. આરોપી જયાં રહેવાના હોય તેનું સરનામુ જાહેર કરવું અને કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય પોતાનું સરનામુ બદલવું નહી.

૨. ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપવી નહી કે લોભ લાલચ આપી તોડવા ફોડવાનો પ્રયત્ન કરવો કરાવવો નહી.

૩. જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહી તેમજ કોઈ ગુનાહીત પ્રવૃતિ મા સીધી કે સાંયોગીક રીતે સંકળાવવુ નહી.

૪. કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૫. છ માસ સુધી આરોપીએ દર સોમવારે આડેસર પોલીસ સ્ટેશનમા ક.૧૧–૦૦ થી ક.

૧૪–૦૦ વાગ્યા સુધીમા નિયમિત હાજરી પુરવાની રહેશે અને પોલીસે આ સમય પુરો થયેથી લાગુ કોર્ટને રીપોર્ટ કરવાનો રહેશે.

૬. આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો દિન સાતમાં કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને જો આરોપીએ પાસપોર્ટ ઓફીસમાંથી પાસપોર્ટ મેળવેલ નહી હોય તો તે અંગેનું વિગતવારનું ફોટાવાળું સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

૭. કોઈપણ શરતનો ભંગ થયે થી કે ભંગ થયાનું માલુમ પડે તેવા પ્રસંગે આરોપીના જામીન રદ આપોઆપ રદ થશે અને જામીનદારે જામીનગીરીની રકમ કોર્ટમા સરકાર ખાતે રોકડમા ભરવાની રહેશે. વધુમા એવી સ્પટતા કરવામા આવે છે કે, આ હુકમની તારીખ બાદ દાખલ થયેલા પ્રોહીબીશન સંબંધી ગુનામા જો આરોપીની ધરપકડ થાય તો તે જામીન ની શરતનો ભંગ ગણાશે.

આરોપીએ જામીન લાગુ કોર્ટમાં આપવા. આ હુકમની યાદી આડેસર પોલીસ સ્ટેશને કરવી.

વધુમા એવો પણ હુકમ કરવામા આવે છે કે ૬–માસ સુધી આરોપીએ હાજરી પુરાવ્યા બાદ પોલીસે તેનો લેખીતમા રીપોર્ટ બિનચુક લાગુ કોર્ટને કરવો.

આ હુકમ આજરોજ તા.૨૧ મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૦ ના દિવસે અદાલત માં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૨૧/૦૯/૨૦૨૦
સ્થળ : ભચાઉ –કચ્છ

(એમ.એફ.ખત્રી)
૯ માં એડીશનલ સેસન્સ જજ,
ભચાઉ –જી.કચ્છ
જીજે૦૦૬૯૧